રાજગૃહનો શિલાલેખ.

(૩૮૦)

પૂર્વદેશમાં આવેલા સુપ્રસિદ્ધ પ્રાચીન સ્થાન રાજગૃહથી ઉત્તર દિશામાં ૧૨ માઇલ છેટેના બિહાર નામના કસ્બામાંથી આ લેખ મળી આવ્યો છે. મૂળ આ લેખ બે શિલાઓ ઉપર કોતરેલો છે જેમાંની બીજી તો ત્યાંના મથિયાન લોકોના જૈન મંદિરની ભીંતમાં જડેલી છે અને પહેલી બાબુ ધન્નુલાલજી સુચંતિના ઘરે હાલમાં રહેલી છે. કલકત્તાવાળા જૈન વિદ્વાન્ બાબુ પૂરણચંદ નાહાર M. A. B. L. આ લેખ પ્રકાશમાં આણ્યો છે અને 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ'ના તંત્રી શ્રીયુત મોહનલાલ દલીચંદ B. A. LL. B. દ્વારા મળેલી લેખની છાપ (રબીંગ) ઉપરથી અત્ર છપાવવામાં

---

૧. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, તરફથી પ્રકાશિત 'हीरविजयसूरिरास' પૃષ્ઠ ૧૫૨.

૨. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડલ દ્વારા મુદ્રિત 'જૈન રાસમાલા ભાગ ૧ 'કલ્યાણવિજયરાસ' પૃ. ૨૩૪-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો છે.[1] આ લેખના બાહ્યવર્ણન માટે ઉક્ત બાબુજી આ પ્રમાણે જણાવે છે[2]:—

" આ લેખની બંને શિલાઓ શ્યામ રંગની છે અને લગભગ સમાન માપની છે. બંનેની પહોળાઈ ૧૦ ઇંચ અને લંબાઇ પ્રથમની ૨ ફીટ ૧૦ ઇંચ અને બીજીની ૨ ફીટ ૮ ઇંચ જેટલી છે. અક્ષરો લગભગ અર્ધા ઇંચ જેટલા મ્હોટા છે. પહેલી શિલામાં ૧૬ લાઈનો છે તથા ઉપર ડાબી બાજુએ ૨૦ પાંખડિઓનું કમળ કોતરેલું છે. બીજી શિલામાં ૧૭ પંક્તિઓ કોતરેલી છે. આનો ઉપર નીચેનો કેટલોક ભાગ ખંડિત થઇ ગયો છે. "

અસલમાં આ લેખ રાજગૃહના પાર્શ્વનાથના મંદિરનો છે પરંતુ પાછળથી એ મંદિરમાંથી કાઢી લઈ ઉપર જણાવ્યા પ્રમાણે બિહારમાં લાવવામાં આવ્યો છે. આ લેખ ત્યાંથી કોણ (કયારે અને કયા કારણે) લાવ્યો તે જાણી શકાયું નથી.

ઉપર લખ્યા પ્રમાણે આખા લેખની એકંદર ૩૩ પંક્તિઓ છે. જેમાં ચોથી પંક્તિનો ઉત્તરાર્ધ, પાંચમી પંક્તિ પૂરી અને ૬ ઠી પંક્તિનો પૂર્વાર્દ્ધ; તથા છેવટની ૩॥ પંક્તિઓ એટલો ભાગ ગદ્યરૂપે લખાએલો છે અને બાકી બધો પદ્યમાં છે. પદ્યની સંખ્યા ૩૮ છે. અને ક્રમથી તત્સૂચક અંકો મૂકેલા છે. નીચે પ્રમાણેની હકીકત એ લેખમાં સમાએલી છે.

પ્રથમના પદ્યમાં, જેમના માટે એ મંદિર બનાવવામાં આવ્યું, તે પાર્શ્વનાથ તીર્થંકરની સ્તુતિ કરેલી છે. આ પછીના ત્રણ શ્લોકોમાં રાજગૃહ નગરનું વર્ણન આપ્યું છે. તેમાં લખવામાં આવ્યું છે કે– આ તેજ રાજગૃહ નગર છે કે જ્યાં પૂર્વે મુનિસુવ્રત (૨૦ મા) તીર્થંકરના જન્મ, દીક્ષા અને કેવલ એવાં ત્રણ કલ્યાણકો થયાં હતાં,

૧ ' જૈન શ્વેતાંબર કો. હેરલ્ડ ' નવેંબર ૧૯૧૬ માં તથા બાબુજીએ પ્રકટ કરેલા ' जैनलेखसंग्रह ' માં પણ આ લેખ મૂળમાત્ર પ્રકટ થઈ ચુક્યો છે.
૨ હેરલ્ડ પૃષ્ઠ ૩૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં આગળ જય નામનો ચક્રવર્તી, રામ બલદેવ, લક્ષ્મણ વાસુદેવ, અને જરાસંધ પ્રતિવાસુદેવ આદિ મ્હોટા સમ્રાટો થયા હતા. શ્રેણિક રાજાએ મહાવીરદેવ પાસે જ્યાં જૈનધર્મનું શ્રવણ કર્યું હતું. જૈન-મંદિરોથી શોભતા એવા વિપુલ અને વૈભાર નામના બે પર્વતો જેની પૂર્વ અને પશ્ચિમમાં શોભી રહ્યા છે. આવા મહત્ત્વવાળા આ તીર્થની પ્રશંસા કોણ નહિ કરે ?

પછીના ગદ્યભાગમાં, તે વખતના રાજ્યકર્ત્તા અને રાજગૃહના અધિકારીનાં નામ આપ્યાં છે. તેમાં, સાહિપેરોજ તો સુરત્રાણ (બાદશાહ) અને તેનો નીમેલો મલિકવયો * નામનો મગધનો મંડલેશ્વર (સૂબો), તથા ણાસદુરદીન નામનો ત્યાંનો કોઇ સ્થાનિક અધિકારી હતો. * જાણુવા જેવી બાબત એ છે કે આ છેલ્લા મનુષ્યે પ્રસ્તુત કાર્યમાં (મંદિર બંધાવવામાં) ખાસ સાહાય્ય આપ્યું હતું.

આ કથન પછી આપેલા પાંચમા શ્લોકથી ૧૩ મા સુધીમાં મંદિર નિર્માતાના વંશ અને કુટુંબનું વર્ણન આપ્યું છે. મંત્રી દલીચના વંશમાં સહજપાલ નામે એક પ્રખ્યાત પુરૂષ થયો. તેનો પુત્ર તિહુણપાલ, અને તિહુણપાલનો રાહા નામે પુત્ર થયો. આ રાહાનો પુત્ર ઠકકુર મંડન થયો. તેને થિરદેવી નામે સુશીલ ગૃહિણી હતી. આ મંડનને નીચે પ્રમાણે પાંચ પુત્રો અને પૌત્રો વિગેરે થયાં.

---

* આ સાહિપેરોજ તે તુગ્લખવંશનો દિલ્લીનો ફિરોજશાહ બાદશાહ છે. તે ઈ. સ. ૧૩૫૧ માં ગાદિએ આવ્યો હતો અને એકંદર ૩૭ વર્ષ રાજ્ય કરી ૧૩૮૮ ઈ. સ. માં મૃત્યુ પામ્યો હતો. તવારિખોમાં જણાવ્યા પ્રમાણે તો બંગાલ અને બિહાર ઉપર તેને પૂર્ણ કાબુ થયો હોય તેમ જણાતું નથી (જુઓ ગો. स. सरदेसाई रचित ' हिंदुस्थानचा अर्वाचीन इतिहास, भाग १ ला ' पृ. १६३–४) પરંતુ આ લેખ—કે જેની મિતિ ઈ. સ. ૧૩૫૫ (વિ. સં. ૧૪૧૨+૫૭)ની છે,—પ્રમાણે તો તેની તે વખતે બિહાર ઉપર સત્તા જામેલી હતી એમ સ્પષ્ટ જણાય છે. મલિકવયો અને ણાસદુરદીન (નસીરૂદ્દીન ?)ના નામો તવારિખોમાં જડી આવતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ઠક્કુર મંડનના છેલ્લા બંને પુત્રોએ આ મંદિર કરાવ્યું હતું. તથા તેમણે પૂર્વ દેશમાં જૈનધર્મની પ્રગતિ કરવા માટે યથાયોગ્ય પ્રયત્ન કર્યો હતો.

આ પછીના ભાગમાં પ્રતિષ્ઠાકર્તા યતિવરની વંશાવલી આપવામાં આવી છે. અંતિમ તીર્થંકર મહાવીર દેવના સિદ્ધાન્ત–શાસ્ત્રના રચયિતા સુધર્મ નામે ગણધર થયા જેઓ પ્રથમ યુગપ્રધાન હતા. તેમના વંશમાં દશપૂર્વના જ્ઞાતા વજ્રસ્વામી આચાર્ય થયા કે જેમનાથી વજ્રશાખાની શરૂઆત થઈ. તે વજ્રશાખાના ચાંદ્ર નામના કુલમાં ઉદ્યોતનસૂરિ થયા. તેમની પાટે વર્દ્ધમાન આચાર્ય થયા. આ વર્દ્ધમાનસૂરિ બાદ સુપ્રસિદ્ધ જિનેશ્વર નામે આચાર્ય થયા, જેમણે ' ખરતર ' બિરૂદ પ્રાપ્ત કર્યું, અને પછી તેમનો શિષ્ય સમુદાય પણ એ નામે પ્રસિદ્ધિ પામ્યો. તેમના શિષ્ય જિનચંદ્ર થયા જેમણે ' સંવેગરંગશાલા ' નામનો ગ્રંથ બનાવ્યો. તેમના શિષ્ય અભયદેવસૂરિ થયા. તેમણે મંત્રાક્ષરોના પ્રભાવથી જમીનમાંથી ' પાર્શ્વનાથ 'ની પ્રતિમા પ્રકટ કરી અને સ્થાનાંગ આદિ ૯ અંગો (આગમો) ઉપર વિવરણો લખ્યાં. તેમના પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમથી જિનવલ્લભ, જિનદત્ત, જિનચંદ્ર, જિનપતિ, જિનેશ્વર, જિનપ્રબોધ અને જિનચંદ્ર નામે આચાર્યો થયા. આ છેલ્લા–જિનચંદ્ર–ની પાટે જિનકુશલસૂરિ બેઠા. જેમણે વિપુલગિરિ ઉપરના મંદિરમાં પ્રથમતીર્થંકરની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. તેમના પછી જિનપદ્મ, જિનલબ્ધિ અને જિનચંદ્ર નામે ક્રમથી આચાર્યો થયા. આ જિનચંદ્રસૂરિના ઉપદેશથી, વિહારપુરનિવાસી ઉકત વચ્છરાજ અને દેવરાજ નામના ભાઇઓએ પ્રસ્તુત પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું, અને ઘણા ઉત્સવપૂર્વક પ્રતિષ્ઠિત કરાવ્યું. પ્રતિષ્ઠા, વિક્રમ સંવત્ ૧૪૧૨ ના આષાઢવદિ ૬ ના દિવસે, પોતાના ગુરૂની આજ્ઞાથી ભુવનહિત નામના ઉપાધ્યાયે કરી; જેમના દીક્ષાગુરૂ તો જિનચંદ્રસૂરિ અને વિદ્યાગુરૂ જિનલબ્ધિસૂરિ હતા. આ વિચિત્રવૃત્તો (છંદો) વાળી પ્રશસ્તિની રચના પણ ભુવનહિત ઉપાધ્યાયે જ કરી અને શિલાપટ્ટ ઉપર પણ તેમણે જ લખી. તેને, કલાકુશલ એવા ઠક્કર માલ્હાના પુત્ર વીધા નામે શ્રાવકે પુણ્યાર્થે કોતરી.

અંતે ગદ્યમાં પુનઃ જણાવવામાં આવ્યું છે કે–વિક્રમ સંવત્ ૧૪૧૨ આષાઢવદિ ૬ ના દિવસે, ખરતર ગચ્છના આચાર્ય જિનલબ્ધિસૂરિના પટ્ટધર જિનચંદ્રસૂરિના* સદુપદેશથી, મંત્રિવંશના મંડનભૂત એવા ઠકકુર મંડનના પુત્ર નામે ઠ. વચ્છરાજ અને ઠ. દેવરાજ કે જેમણે, પં. હરિપ્રભગણિ, મોદમૂર્તિગણિ, હર્ષમૂર્તિગણિ અને પુણ્યપ્રધાનગણિ સાધુઓ સાથે ભુવનહિતોપાધ્યાયને પૂર્વદેશમાં વિહાર કરાવી બધા તીર્થોની યાત્રા કરાવીને સંઘને આનંદિત કર્યો, તેમના કરાવેલા શ્રીપાર્શ્વનાથના મંદિરની આ પ્રશસ્તિ પૂર્ણ થઇ.

---

* મૂળ લેખમાં ‘ જિનચંદ્ર ’ ના બદલે जिनेन्द्र (પં. ૩૧) પાઠ છપાયલો છે. તે ભ્રમવાળો છે. બાબુ પૂરણચંદજીએ, ‘ કોન્ફરન્સહેરલ્ડ ’ માં એજ પાઠ આપેલો હોવાથી અહિં પણ તે પ્રમાણે છાપવામાં આવ્યો છે. પરંતુ તેની પ્રતિકૃતિ (રબીંગ) માં તપાસતાં માલૂમ પડયું કે, ત્યાં મૂળ પાઠ ‘ जिनेन्द्र ’ નહિં પણ ‘ जिनंद्र ’ છે અને તે ‘ जिनचन्द्र ’ ના બદલે ભૂલથી લખાયો અથવા કોતરાયો છે. ‘ जिनचंद्र ’ શબ્દમાંથી ‘ चं ’ અક્ષર છુટી જવાના લીધે આ ભ્રમિત પાઠ નિર્માણ થયો છે.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org